## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

**હાઈકુ**

શ્રમિકોનો જુસ્સો જોઈ નમવું 'તોલવું' પડશે !
કામ નથી હવે સોટીનું નમ બોલવું પડશે !
ચાલવું પડશે છોડી, શિવાનંદી ભાંગનો નશો -
ગમે કે ન ગમે, બંધનું તાળું, ખોલવું પડશે !

શોધી ન શક્યા ?!
રસી-ઈન્જેકશન!
ત્રણ માસમાં ?!
(આપણી ગરીબ લેબો!)

આયુર્વેદિક -
ઓસડીયાં જ અંતે -
આવ્યાં છે કામ...
('ચરક' હસે મરક મરક)

## ચિંતન

**शतं वो अम्ब धामानि सहस्रमुत वो रुहः ।**
**अधा शतक्त्वो यूयमिमं मेऽअगंद कृत ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મુખ્ય સાધન મનુષ્યનું શરીર છે. એટલા માટે યોગ્ય આહાર, સંયમિત, વિહાર અને વર્તમાનમાં કલ્યાણભાવનું ધ્યાન રાખીને પોતાના આરોગ્યને સ્થિર રાખવું જોઈએ. નીરોગી શરીર જ સર્વ સુખોનું મૂળ છે.

સ્વર્ગ અને મુક્તિનો આનંદ આ જીવનમાં જ શક્ય છે, પરંતુ બને છે એવું કે આપણે આપણા જીવનલક્ષ્ય ને સારી રીતે સમજતા નથી અને તેને પ્રાપ્ત કરવા માટેના બધા પ્રયત્નો ખોટી દિશામાં કરતા રહીએ છીએ. સ્વાસ્થ્ય વિશેની અવગણના ઘણી જ મોઘી પડે છે. દવાઓથી સ્વાસ્થ્ય સારું રહી શકતું નથી. તે પૈસાથી પણ ખરીદી શકાતું નથી. કિમતી પદાર્થોનું સેવન કરીને આરોગ્યના રક્ષણની વાત વિચારવી એ પણ મૂર્ખતા છે. સ્વાસ્થ્યનો આધાર તો આહાર, વિહાર, શ્રમ અને સંયમ પર જ રહેલો છે.

જો શરીર સ્વસ્થ હોય તો મગજ સ્વસ્થ હોય છે અને તેમાં પવિત્ર વિચારો આવે છે. તથા મન પ્રસન્ન અને શુભ કલ્પનાઓથી પરિપૂર્ણ રહે છે, કામમાં મન પરોવાય છે, આળસ અને બેચેની રહેતી નથી અને હૃદય ફૂલોની જેમ ઉલ્લાસથી ભરેલું રહે છે.

## સુવિચાર

- જિસને કહાં કલ, દિન ગયા ટલ... જિસને કહા પરસોં, બીત ગયે બરસો...
  જિસને કહા આજ, ઉસને કિયા રાજ... **-પ્રદ્યુમન પ્રથમ**
- જયાં યોગ્યતાનો અભાવ હોય ત્યાં ચાલાકી પેદા થાય છે - **ફ્રેંકલીન**
- અમુક સંબંધો ગરજના પાટા ઉપર ચાલતી રેલગાડી જેવા હોય છે.
  સ્ટેશન આવે એટલે લોકો ઉતરી જ જવાના... - **જીવન પાથેય**
- કે અણધારી ઠોકરના સ્વાદ ખૂબ ચાખ્યા છે...
  મેં તો હવે સપનાઓ કાચની પેટીમાં રાખ્યા છે - **વિપુલ સોની**
- વિશ્વાસનો છોડ રોપતા પહેલા જમીન પારખી લેવી....
  દરેક માટીની ફિતરત વફાદાર નથી હોતી - **એસ. ભટ્ટાચાર્ય**
- રુપિયાના ઢગલા પર ઊંઘની હડતાલ છે...
  પણ માટીની ઓટલા પર નિંદર મહેરબાન છે - **સાર્થક શુક્લ**
- આજનું ઔષધ : શિકાકાઈનો પાઉડર, દહીં અને મીઠા લીમડાના પાનની પેસ્ટમાં ત્રણે સરખું મિક્સ કરી માથામાં ૧ કલાક રાખી માથું ધોઈ નાખવાથી વાળ કાળા સુંવાળા થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક મહા આળસુ હતો. ગામમાં આંટા માર્યા કરે. કોઈ જ કામકાજ કરે નહીં. એને એકાએક વિચાર આવ્યો કે બાજુના શહેરમાં જઈ કંઈ કામકાજ કરે અને જિંદગી સુધરે.

આવા વિચાર સાથેએ જઈ રહ્યો હતો. ત્યાં એક વડિલ ગામના ચોરે એકલા બેઠા હતા. આળશુએ વડિલને પૂછ્યું, 'વડીલ શહેર અહીંથી કેટલું દૂર છે ?' વૃદ્ધે કોઈ જવાબ આપ્યો નહીં. એટલે આળસુ એ ફરી પૂછ્યું, છતાં પેલા વડીલ મૌન જ રહ્યા. જવાબ મળ્યો નહીં. એટલે આળશુ મોટા ડગલાં ભરી ગામની બહાર ઝડપથી ચાલવા લાગ્યો. વૃદ્ધે આ જોયું અને પાછળથી બૂમ પાડીને જણાવ્યું, 'ભાઈ, તે પૂછ્યું તે શહેર અહીંથી પાંચ માઈલ દૂર છે.'

આળસુએ પૂછ્યું, 'બાપા, મેં તમને બે-ત્રણ વાર પૂછ્યું ત્યારે કેમ જવાબ આપ્યો નહીં ?'

વડીલે કહ્યું, 'પહેલીવાર જયારે મેં મને પૂછ્યું ત્યારે જાણે પૂછવા ખાતર પૂછતો હતો. તારા અવાજમાં ઢીલાશ હતી. તું એ શહેરમાં જઈશ કે કેમ તેની અવઢવમાં હતો, પણ પછી પાકા ઈરાદા સાથે ડગલા ભરીને ચાલવા લાગ્યો ત્યારે મને થયું કે ખરેખર તું શહેર તરફ જવા માગે છે. માટે જવાબ મેળવવા માટે તું હક્કદાર થયો.'

સારાંશ એ છે કે એક વખત કાર્યમાં ઓતપ્રોત થઈ જઈએ એ પછી બીજી બધી જ મદદ આપોઆપ ચારેય દિશામાં મળતી થઈ જાય છે. જરૂર છે મક્કમ નિર્ણય સાથે મંઝિલ તરફ ડગ માંડવાની....

# કોરોનાએ માનવીની માનસિકતા બદલી નાખી છે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુઆતના દિવસોમાં જ એક સચોટ વિધાન કર્યું હતું. એમણે 'પ્રિ - કોરોના' અને 'પોસ્ટ કોરોના' કાળ વિશે વાત કરેલી. લોકડાઉનના આદેશો આપવા સહેલા છે, પણ એ આદેશોના અમલીકરણ માટે સરકારે બ્યુરોક્રસીને છૂટો દોર આપી અપ્રિય થવું પડે છે - એની પણ પ્રતીતિ શાસક વર્ગને પૂરતા પ્રમાણમાં થઈ ગઈ છે. લોકડાઉન-૪ છૂટછાટો વાળું હશે તે સરકારની મજબૂરી છે, કારણ કે ત્રણ ત્રણ લોકડાઉનથી કોરોના સંક્રમણને અટકાવવામાં કોઈ નોંધપાત્ર સફશળતા મળી શકી તે સર્વવિદિત છે. આંકડા છુપાવવાથી કે મરનારા તો અન્ય રોગોથી પણ પીડાતા હતા એવી દલીલ કરવાથી સરકારી પ્રયાસો ચેપ અટકાવવામાં કે ચેઈન તોડવામાં સફળ થયા છે - એવું કોઈ ભાગ્યે જ સ્વીકારશે. અમદાવાદની પરિસ્થિતિ કાબૂમાં નથી આવી. ક્યારે આવશે તે કહી શકાય એમ નથી. સુરતમાં કેસો વધતા જ જાય છે. છતાં સુરતમાંથી શ્રમિકો ઉપરાંત સૌરાષ્ટ્રવાસીઓને વતનમાં જવાની મંજૂરી આપવી પડી છે. શહેરોનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં ન પહોંચે એની તકેદારી રાખવા કોશિશ થતી રહી છે, છતાં આજની તારીખે ગુજરાતના તમામ જિલ્લા કોરોનાથી અભડાઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર કોરોનાના કેસોની રૂએ નંબર વન પર રહ્યું છે. ગુજરાત એની હરિફાઈમાં ઊતર્યું હોય એમ દેશનાં અન્ય રાજયોની સરખામણીએ વધુ ચેપી બની ચૂક્યું છે. મહત્ત્વની બાબત એ છે કે દેશની અર્થવ્યવસ્થાનો બહુ મોટો ભાર આ બે રાજયો ઉપાડતાં રહ્યાં છે. રોજગાર માટે આખા દેશમાંથી ધાડેધાડાં આ બે રાજયોમાં ઊતરતાં રહે છે. લોકડાઉનને કારણે ધંધા-રોજગાર ચોપટ થઈ જતાં એ બધાં નોંધારા થઈ ગયાં. ખાવાના સાંસા થયા, પરિણામે એ બધાને નાછૂટકે વતનની વાત પકડવી પડી છે. સંક્રમણ ફકત શેઢિયાઓને, છાંયડે બેસી રહેનારાને જ થાય એવું થોડું હોય ? અનેક શ્રમજીવીઓ સંક્રમણ સાથે વતન પહોંચ્યા છે. ઓછા પોઝિટિવ કેસો વાળાં ગરીબ રાજયોને એ સંક્રમણની ભેટ ચડાવશે. સરકારી તંત્ર ગમે તેટલી કોશિશ કરે તો પણ આ અનિવાર્ય અનિષ્ટને ડામવું અશક્યવત જ છે. લોકો પણ ધીરે ધીરે ડર છોડીને કામે લાગ્યા છે અને જયાં જયાં કામધંધા ચાલુ થાય છે - થોડી પણ છૂટછાટ મુકાઈ છે ત્યાં હવે સોશિયલ ડિસ્ટંસની પરવા કર્યા વગર રિક્ષાઓ, છકડાઓ કે ટ્રેકટરોમાં ઠસોઠસ ભરાઈને નીકળવા લાગ્યા છે. કાયદો ફક્ત પોથીમાંથી રીંગણાં જેવો બની રહે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સુપરસ્પ્રેડર્સ વગેરે વ્યાખ્યાઓ સાચી હશે તો પણ લોકોને શાકબાજી વગર ચાલવાનું નથી. સરકાર ડિજિટલ પેમેન્ટ કરવાનો આગ્રહ રાખે તો પણ લોકોને એ ભાગ્યે જ અનુકૂળ રહેશે. મોદી અને એમની ડિજિટલ મંડળીની જેમ આમ પ્રજા હજી ટેકનોસેવી નથી થઈ. છતાં, સરકારી દબાણ હેઠળ જે શીખવાની જરૂર નથી તે શીખવું પડશે. મોટું પૅકેજ જાહેર કર્યાં છતાં મમતા બેનરજીએ એને 'બીગ ઝીરો' કહ્યું છે. શ્રમિકોને સીધું શું પહોંચાડશે તે નક્કી નથી. કદાચ એ શક્ય પણ નથી. શ્રમિકો અને આવી પડનારી આફતો જીરવવા ટેવાયેલા છે. બની શકે કે હવે એ પરેસવાનો રોટલો રળવાને બદલે ચોરી કે લૂંટફાટના શોર્ટકટ તરફ વળે. વાઈરસ એ કુદરતી નથી પણ લેબોરેટરીજન્ય છે - એવું નીતીન ગડકરી જેવા સિનિયર કેન્દ્રીય મંત્રી જડબેસલાક બોલે છે. એ સંજોગોમાં ચીન સામે વૈશ્વિક જંગમાં ભારતને પણ જોડાવાની નોબત આવી શકે. માણસ માણસથી અંતર જાળવતું થઈ ગયું, ડરતું થઈ ગયું. એટે આગામી દિવસો દરમિયાન મહેમાનો ઘરે આવે તે લોકોને ઓછું ગમશે. હોટલોમાં જમવા જતાં પણ છૂપો ભય રહેશે. બાળકોને અદ્ધરજીવે શાળાએ મોકલવાં પડશે. મંદિરો, મસ્જિદો સાધુ મહાત્માઓ - મુલ્લા-મૌલવીઓનો મહિમા ઘટશે. સૌ સૌનું ફોડી લેશે. લોકો વધુ પડતાં સ્વાર્થી, સ્વકેન્દ્રિત બનશે. વૃદ્ધો વધારે અળખામણા બનશે કારણ કે એમને વધારે સાચવવા પડે તે યુવાન વર્ગને નહીં ગમે. કોરોના 'કરુણા'નો બૂકડો બોલાવી દેશે !

# ઉલૂપી - અજાણી અને આછેરી પ્રતિભા

**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

જળની નીચે પાતાળ. ત્યાં નાગપ્રજા રહે. નાગરાજ કૌરવ્યને એક માત્ર સંતાન. દીકીર ઉલૂપી, સંસ્કારી અને સુંદર રાજકન્યા.

ગંગોત્રી પાસે વહેતી ગંગામાં પ્રાતઃકાળે એકવાર તે સ્નાન કરતી હતી. એનું ધ્યાન કિનારે પડ્યું. 'સોહાણણો યુવક યજ્ઞ કરતો હતો.' તેણે પરિચય જાણી લીધો. 'આ પાંડુપુત્ર અર્જુન છે.' એને અર્જુન માટે આકર્ષણ થયું.

અર્જુન તો રોજ ગંગાસ્નાન કરે. પણ આજે એને વિચિત્ર અનુભવ થયો. જમણા પગેથી એ અંદર ખેંચાવા લાગ્યો. જરાક અચેત થયો. એ જાગ્રત થયો. ત્યારે કોઈક ભવ્યમહેલના સુશોભિત પલંગ ઉપર હતો. બાજુમાં પ્રગટાવેલી યજ્ઞવેદી હતી. એને આશ્ચર્ય થયું. 'અહીં લાવાનારને મારી બધી ખબર છે.' એણે યજ્ઞ સંપન્ન કર્યો.

હવે એને અહીં લાવનારી ઉલૂપી પ્રગટ થઈ. અર્જુને એનો પરિચય મેળવ્યો. ઉલૂપીએ પોતાના પ્રણયનું નિવેદન કર્યું. લગ્ન પ્રસ્તાવ મૂક્યો. અર્જૂને થોડી આનાકાની કરી, પરંતુ એની તાર્કિક દલીલો અને શાલીનતા જોઈ, અને આ પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર કર્યો. ગંગોત્રીની તળેટીમાં એનો યજ્ઞ અધૂરો હતો. ઉલૂપીએ વચન આપ્યું, 'કાલે સવારે એ યથાસ્થાને મૂકી જશે.' આ એક દિવસ અર્જુન એની સાથે રહ્યો. સેવા અને સારસંભાળ દ્વારા ઉલૂપી પોતાનો પ્રેમ પ્રગટ કરતી રહી. બીજે દિવસે સવારે એ અર્જુનને તળેટી પાસે મૂકવા આવી. વિદાય વેળાએ એણે અર્જુનને વરદાન આપ્યું, 'કોઈ જળચર પ્રાણી થઈ તમને કયારેય ભય નહિ રહે.'

અર્જુન ત્યાર પછીના સમયે આ સ્થળ છોડીને મણિપુર આવ્યો. ત્યાં રાજકન્યા ચિત્રાંગદા સાથે એના વિવાહ થયા. એનાથી એને પુત્ર જન્મ્યો. બભ્રુવાહન. બે વરસ પછી એણે મણિપુર છોડી દીધું.

ઉલૂપીને વિચાર આવ્યો, 'અર્જુન તો મળી શકે તેમ નથી. એના પરિવારને મળતી રહું.' તે મણિપુર આવતી જતી રહેતી. ચિત્રાંગદા અને ઉલૂપી ગાઢ સખી થઈ ગઈ. બભ્રુવાહનને બે માતાઓનો એક સરખો સ્નેહ મળ્યા કર્યો.

મહાભારતનું યુદ્ધ પૂરું થયું. પિતામહ ભીષ્મ બાણશય્યા ઉપર હતા. એની આ દશા અર્જુને કરી છે. એ જાણીને ભીષ્મના ભાઈઓ વસુઓએ અર્જુનને શાફ નક્કી કર્યો - અર્જુનની મરણ પછી દુર્ગતિ થશે. નરકમાં પડશે.

ઉલૂપીને આ શાપની જાણ થઈ એણે પિતાને વાત કરી પિતા કૌરવ્યએ વાસુઓને પ્રસન્ન કર્યા. શાપનું નિવારણ મેળવ્યું - 'જો બભ્રુવાહન અર્જુનને યુદ્ધમાં મારશે, તો એની સદ્‌ગતિ થશે.' કૌરવ્યએ ઉલૂપીને વાત કરી રાખી.

યુધિષ્ઠિરે રાજય સંભાવ્યું પછી એણે અશ્વમેધ યજ્ઞ કર્યો. અશ્વને ફરતો મૂક્યો. એની પાછળ અર્જુન એની સેના સાથે હતો. અર્જુન મણિપુર આવ્યો. બભ્રુવાહનને સંકોચ હતો. 'પિતા સામે કેમ લડાય?' ઉલૂપીએ અંને આદેશ આપ્યો કે 'તારે યુદ્ધ કરવાનું જ છે.' આ યુદ્ધમાં ખરેખર બભ્રુવાહનથી અર્જુનનો વધ થયો. પરંતુ ઉલૂપી એ સંજીવક મણિનું આવાહન કર્યું. આ મણિ બભ્રુવાહનને આપ્યો, એનાથી અર્જુન પુનર્જીવિત થયો. સર્વત્ર આનંદ છવાયો ગયો.

# ઓલમ્પિક રમતોત્સવ દર કેટલા વર્ષે ઉજવાય છે?

**ખજાનો**
અનિલ પટેલ

## રમત-જગત

૧ મહર્ષિ પતંજલિએ યોગના કેટલા અંગો દર્શાવ્યા છે ?
(અ) છ (બ) આઠ
(ક) દસ (ડ) બાર

૨ જાણીતા ક્રિકેટ ખેલાડી શેન વોર્ન કયા દેશના છે?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) ઈંગ્લેન્ડ
(ક) ન્યૂઝીલેન્ડ (ડ) દ. આફ્રિકા

૩ ઈંગ્લેન્ડના જાણીતા ખેલાડી એન્ટી મરે કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(અ) ફૂટબોલ (બ) વોલીબોલ
(ક) ટેનિસ (ડ) બોક્સિંગ

૪ જાણીતી ટેનિશ ખેલાડી લીના કયા દેશની છે ?
(અ) કોરિયા (બ) જાપાન
(ક) ચીન (ડ) જર્મની

૫ સર્બિયાનો ખેલાડી નોવાક યોકોવીચ કઈ રમતના ખેલાડી છે ?
(અ) ક્રિકેટ (બ) ચેસ
(ક) હોકી (ડ) ટેનિસ

૬ ક્રિકેટર બ્રાયન લારા કયા દેશના ખેલાડી છે?
(અ) વેસ્ટ ઈન્ડિઝ (બ) ન્યુઝીલેન્ડ
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) ઈંગ્લેન્ડ

૭ ઓલમ્પિક રમતોત્સવ દર કેટલા વર્ષે ઉજવાય છે ?
(અ) બે (બ) ત્રણ
(ક) ચાર (ડ) પાંચ

૮ નીચેનામાંથી કઈ ભારતીય મહિલા ખેલાડીને વર્ષ ૨૦૧૩નો ફીકીનો સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ મળ્યો હતો?
(અ) પીટી ઉષા (બ) સાનિયા મિરઝા
(ક) ચિત્રા માગીમેરાજ (ડ) દીપીકા કુમારી

૯ મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૧૪માં કયો દેશ ચેમ્પિયન બન્યો હતો ?
(અ) ભારત (બ) શ્રીલંકા
(ક) બાંગ્લાદેશ (ડ) પાકિસ્તાન

૧૦ અન્ડર-૧૯ વિશ્વકપ ૨૦૧૬ કયા દેશમાં યોજાયો હતો ?
(અ) ભારત (બ) પાકિસ્તાન
(ક) બાંગ્લાદેશ (ડ) શ્રીલંકા

૧૧ ક્રિકેટ વર્લ્ડકપ - ૨૦૧૧માં મેન ઓફ ધ મેચનો ખિતાબ કોને એનાયત થયો હતો ?
(અ) રવિન્દ્ર જાડેજા (બ) ઈરફાન ખાન
(ક) યુવરાજ સિંહ (ડ) મહેન્દ્રસિંહ ધોની

૧૨ શતરંજનો ઉદ્‌ભવ કયા દેશમાં થયો હતો ?
(અ) ભારત (બ) ઈંગ્લેન્ડ
(ક) અમેરિકા (ડ) સ્પેન

૧૩ વર્ષ - ૨૦૧૩ માટેનો રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ કોને અપાયો છે ?
(અ) પાર્થિવ પટેલ (બ) સૂફીયા શેખ
(ક) રોજન સોઢી (ડ) વીરધવલ ખાડે

૧૪ ત્રણ શતક લગાવનાર પ્રથમ ભારતીય ક્રિકેટર કોણ હતા ?
(અ) સુનિલ ગાવસ્કર (બ) નવાબ પટોડી
(ક) જશુ પટેલ (ડ) વિજય હજારે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૫ મે : આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ**
  - પદ્મભૂષણ સન્માનિત હિમાલયના સિંહનું બિરુદ પામેલા શેરપા તેનરિંગનો જન્મદિવસ (૧૯૧૪)
  - બંગભંગ ચળવળના છેલ્લા દીપક કાંતિવીર ત્રૈલોક્યનાથ ચક્રવર્તીનો જન્મદિવસ (૧૮૮૯)
  - અભિનેતા સાઈની આહૂજાનો જન્મદિવસ (૧૯૭૪)
  - બોલીવુડની ધકધક ગર્લ માધુરી દિક્ષીતનો જન્મદિવસ (૧૯૬૮)
- **૧૬ મે : રાષ્ટ્રીય ગૌરવ દિવસ**
  - શ્રી અરવિંદ અને માતાજીનો સંદેશો દેશ-પરદેશમાં ફેલાવનાર અંબુભાઈ પુરાણીનો જન્મદિવસ (૧૮૯૪)
  - ૧૯૯૫થી ૨૦૦૪ સુધી જેમ્સ બોન્ડનો અભિનય આપનાર પિયર્સ બ્રોસનનનો જન્મદિવસ (૧૯૬૧)
  - સિક્કિમ ભારતનું બાવીસમું રાજય બન્યું (૧૯૭૫)
  - એકેડમી એવોર્ડથી શરુઆત થઈ (૧૯૨૯)
- **૧૭ મે : દૂર સંચાર દિવસ / વર્લ્ડ હાઈપરટેન્શન ડે**
  - બિરબલ સહાની ચંદ્રક અને સુંદરલાલ હીરા ચંદ્રક સન્માનિત વૈજ્ઞાનિક પંચાનન મહેશ્વરીનું નિધન (૧૯૬૬)
  - સાહિત્યકાર બાળાશંકર કંથારિયાનો જન્મદિવસ (૧૮૫૮)
  - ઈઝરાયેલ અને લેબેનોનને શાંતિકરાર પર હસ્તાક્ષર કર્યા (૧૯૮૩)
  - કુમુદિની લાખીયાની જન્મજયંતિ (૧૯૩૦)
- **૧૮ મે : વિશ્વ સંગ્રહાલય દિવસ**
  - અત્યંત મેધાવી અને પ્રખર તેજસ્વી દાર્શનિક બન્ટ્રાર્ડ રસેલનો જન્મદિવસ (૧૮૭૨)
  - ગઝલ કવિ 'આદિલ' મન્સુરીનો જન્મદિવસ (૧૯૩૬)
  - કવિ અને વિવેચક નિરંજન ભગતની જન્મજયંતિ (૧૯૨૬)
  - ભારતે પ્રથમ ભૂમિગત પરમાણું પરીક્ષણ પોખરણ ખાતે કર્યું (૧૯૭૪)
- **૧૯ મે :**
  - ભારતના અર્વાચિન ઉદ્યોગના પ્રણેતા જમશેદજી તાતાનું નિધન (૧૯૦૪)
  - ભારતના છઠ્ઠા રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીનો જન્મદિવસ (૧૯૧૩)
  - બાળ સાહિત્યમાં યોગદાન આપનાર રસ્કીન બોન્ડનો જન્મદિવસ (૧૯૩૪)
  - નેપાળના અપ્પા શેરપાએ ૧૬મી વખત એવરેસ્ટ સર કર્યું (૨૦૦૬)
- **૨૦ મે :**
  - લાલ, બાલ અને પાલની ઐતિહાસિક ત્રિપુટીમાંના એક આદર્શ સપૂત બિપિનચંદ્ર પાલનું નિધન (૧૯૩૨)
  - કમાન્ડર એસ. એસ. કોહલીના નેતૃત્વમાં ભારતની ટીમે એવરેસ્ટ શિખર સર કર્યું (૧૯૬૫)
  - સુસ્મિતા સેન મિસ યુનિવર્સ બની (૧૯૯૪)
- **૨૧ મે : ત્રાસવાદ વિરોધી દિવસ**
  - સાગર ખેડૂ કિસ્ટોફર કોલંબસનું નિધન (૧૫૦૬)
  - હિન્દી સાહિત્યકાર શરદ જોષીનો જન્મદિવસ (૧૯૩૧)
  - પુષ્પાબેન મહેતાની જન્મજયંતિ (૧૯૦૫)
  - પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવગાંધીની પુણ્યતિથિ (૧૯૯૧)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કઈ ગુજરાતી લેખિકાનું નિધન થયું ?**
**જવાબ : કુન્દનિકા કાપડીયા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૬) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૭) નટુભાઈ દરજી : પેથાપુર (૮) મીત પી પટેલ - સે-૨૩ (૯) શિવાંગ બી પટેલ : સરસાગસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતના કયા શહેરમાં સૌથી વધુ કોરોનાના દર્દીઓ જોવા મળ્યા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# જૂની સંસ્થાઓ મરે છે, નવી જન્મે છે

**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

ભારત આઝાદ થયું ત્યારબાદ વિવિધ ક્ષેત્રોમાં સમાજની ભાગીદારીથી જે તે ક્ષેત્રનો વિકાસ કરવાનું સરકારે નક્કી કરેલ. તેમાનું એક ક્ષેત્ર શિક્ષણક્ષેત્ર પણ હતું. શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયમાં ભારતમાં ઘણા લોકો, મંડળો, ટ્રસ્ટ કે અન્ય સેવાભાવી સંસ્થાઓએ સેવા કરવાના ઉદ્દેશ સાથે ઝંપલાવ્યું હતું. જેને કારણે ભારતમાં શિક્ષણનો વ્યાપ ઝડપથી વધ્યો હતો, એટલું જ નહીં જે તે સંસ્થાનો ઉદ્દેશ સેવા હોવાને કારણે મૂલ્યલક્ષી શિક્ષણ પર ભાર અપાતો હતો અને સમાજમાં સારા એવા પ્રમાણમાં વિવિધ પ્રકારના મૂલ્યોનો ફેલાવો થયો હતો. જે તે સમયે ભારતીય શિક્ષણ પર વેદ, કુરાન, ગાંધીજી, વિનોબા, ટાગોર, વિવેકાનંદ, અરવિંદ, ઝાકીર હુસૈન, કૃષ્ણમૂર્તિ, રાધાકૃષ્ણન, નાનાભાઈ, ગીજુભાઈ વગેરેના વિચારોની ઊંડી છાપ જોવા મળતી હતી. પરંતુ સમય જતાં સાપ ગયાને લીસોટા રહ્યાં જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જેના અનેક કારણો છે, પરંતુ જે તે સમયે ખેલૂલી શૈક્ષણિક સંસ્થાઓએ લગભગ પચાસેક વર્ષ સુધી સમાજ પર પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો હતો, જે અત્યારે દેખાતો નથી. ચોક્કસ સંસ્થામાં અભ્યાસ કરવો એ ગૌરવ ગણાતું હતું. ચોક્કસ સંસ્થામાં અભ્યાસ કરેલાને નોકરી માટે સામા પગલે બોલાવવામાં આવતા હતા. એવી અનેકાનેક સંથાના કર્મચારીનું પણ સમાજમાં ખૂબ જ આદરભર્યું સ્થાન હતું. પણ એવું તો શું થયું કે, સંસ્થાઓ તૂટવા લાગી અને અંતે બંધ પણ થવા લાગી. આજે તેવી મોટાભાગની સંસ્થાઓ ડચકા ખાઈને જીવી રહી છે, તો ઘણી બધી સંસ્થાઓ બંધ પણ થઈ ગઈ છે.

જૂની સંસ્થાઓ જયારે શરૂ કરવામાં આવેલી ત્યારે જે તે સમયની જરૂરિયાત - માંગને આધારે શરૂ થયેલી. જેથી જે તે સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સંસ્થાઓને સગવડતા ઊભી કરેલી. જેમકે મકાન અને મકાનની રચના. પણ સમય જતાં પરિસ્થિતિ બદલાતા જરૂરિયાતમાં પણ ફેરફાર થવા માંડ્યા. આ જરૂરિયાત બે પ્રકારની બદલાઈ. એક તો વસ્તી વધતાં અને નિરક્ષરતાનું પ્રમાણ ઘટતા વિદ્યાર્થી સંખ્યામાં વધારો થવા લાગ્યો, તો સાથે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો આવતા ગયા, સાથે અભ્યાસના વિષયવસ્તુમાં પણ વધારો થવા લાગ્યો, જેથી શૈક્ષણિક સાધનસામગ્રી, વિવિધ પ્રકારના ખંડોની આવશ્કતા ઊભી થવા લાગી. આમ જોતાં વિદ્યાર્થી સંખ્યા વધવા લાગી. જે જરૂરિયાત પૂર્ણ કરવા જૂનામાં ફેરફારો કરવો કે નવી વ્યવસ્થા ઊભી કરવાનું જૂની સંસ્થાઓ માટે અશક્ય હતું. કારણ કે વધારાની જગ્યા જ તેમની પાસે નહોતી કે જેથી તેઓ તેનો વ્યાપ અને વિસ્તાર વધારી શકે, નવું બાંધકામ કરી શકે. તો બીજી બાજું નવી સંસ્થાઓ વિદ્યાર્થીની અપેક્ષા અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી ખૂબ જ આકર્ષક મોટા મકાનો બનાવીને વિદ્યાર્થી અને વાલીને આકર્ષવામાં સફળ રહ્યાં.

સમય બદલાતા વિદ્યાર્થીની રસરુચિ પણ બદલાવા લાગ્યા. જેના કારણે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ બદલાવ આવતો ગયો. જૂની રમતોની જગ્યાએ નવી રમતો આવવા લાગી, સાંસ્કૃતિક વિકાસ કરવા માટે વિવિધ પ્રકારની ઈવેન્ટ કે હરિફાઈ નવી સંસ્થાઓ શોધી લાવ્યા. જેના કારણે આજનો હાઈફાઈ વિદ્યારઅથી તેની તરફ આકર્ષાયો અને તેમ કરવામાં ગૌરવ પણ અનુભવવા લાગ્યો. આવા વિદ્યાર્થીઓના સમુહ વધતા ગયા. જેની અસર જૂના વિચારો, ખ્યાલો ધરાવતી, પરંપરામાં જ માનતી જૂની સંસ્થાઓ પર થવા લાગી. આવી સંસ્થાઓ પોતાની જરૂરિયાત, રસરુચિ ન સંતોષાતા વિદ્યાર્થીઓ તેનાથી દૂર થવા લાગ્યા. જેથી આવી સંસ્થાઓ મરવા લાગી. અને જેનો લાભ લઈને નવી સંસ્થાઓ જન્મવા લાગી.

નવી સંસ્થાઓ વિદ્યાર્થીને આકર્ષવા માટે વિવિધ પ્રકારની આધુનિક યુક્તિઓ અપનાવવા લાગી. પ્રચાર અને પ્રસારમાં પારવધી બની. નવા અભ્યાસક્રમો, નવા પ્રવાહો અપનાવવા લાગી. જૈનો ભપકો વાલી સામે અવ્વલ નંબરે કરવા પણ લાગી. બેસવાની પાટલીથી માંડીને તાસ બદલવા ઘંટમાં, લાયબ્રેરીથી લેબોટરી, વિદ્યાર્થીના યુનિફોર્મથી શિક્ષણના વર્તન વ્યવહારમાં, વીજળીથી ચાલતા ખટખટ કરતાં પંખાને સ્થાને એ.સી. જેવી આધુનિકતાને જ મહત્ત્વ આપ્યું. જૂની સંસ્થાઓ પાસે લાચાર નજરે જોયા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. કારણ કે કે આવું કરવા આવી સંસ્થાઓ ટેવાયેલી નથી અને જોઈને કરવા જાય તેવી તાકાત નથી.

આમ છતાં એટલું કબૂલ કરવું જ રહ્યું કે, આવી જૂની સંસ્થાઓને કારણે જ આજે આપણે શિક્ષણમાં આ સ્તર સુધી આગળ વધી શક્યા છીએ.... હા... આધુનિકતામાં પ્રવેશ કરાવવામાં નવી સંસ્થાઓ જશ લઈ જશે. શિક્ષણ જે પવિત્ર વ્યવસાય ગણાય છે અને તેની સાથે સંકળાયેલ વ્યક્તિઓનું સમાજમાં જે માનપા છે તે જૂની સંસ્થાઓને કારણે છે, તો શિક્ષણને ધંધાદારી બનાવવામાં અને શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ભ્રષ્ટાચારીનું બિરુદ અપાવવાનો અપયશ નવી સંસ્થાઓ જ અપાવશે. સમાજમાં જે મૂલ્યો પ્રસ્થાપિત છે તે શિક્ષણની જૂની સંસ્થાઓને કારણે છે, તો ડોનેશન આપીને એડમિશન લેતા કે ભ્રષ્ટાચાર આચરીને વધુ પરિણામ મેળવતા વિદ્યાર્થીઓમાં મૂલ્યો ભૂંસવાનું કામ પણ આજની નવી સંસ્થાઓને આભારી હશે. આમ છતાં હકારાત્મક વિચારસરણી રાખીને વિચારીએ તો, જૂની અને નવી બંને સંસ્થાઓએ પોતાની ફિલોસોફીમાં બદલાવ કરીને વધુ શૈક્ષણિક અને સામાજિક બનવાની જરૂર છે.